હૈયાને દરબાર
નંદિની ત્રિવેદી
nandini.trivedi@
bombaysamachar.com

# આશાની પતંગ લઈને, અરમાનોની ફીરકી ઉપાડી આસમાને ઊડવા ચલી સવારી...





ઉજ્જ્વલ દવે


રાગ મહેતા


આકાશ શાહ

આજની નવી પેઢી સંગીત ક્ષેત્રે કમાલ કરી રહી છે! ખાસ કરીને ગુજરાતમાં. માતૃભાષા માટે એ કટિબદ્ધ છે. પોતાની ભાષા સાચવીને યુવા પેઢીને ગમે એવાં ઉમેરણ કરી રહી છે. કન્ફ્યુઝ થવાય એવું ફ્યુઝન તેઓ નથી આપતા. એમના વિચાર સ્પષ્ટ છે, સંગીત સરળ છે, અભિવ્યક્તિ સચોટ છે. ગુજરાતની યુવા પેઢી આ નવાં ગુજરાતી ગીતો સાંભળીને ઊછરી રહી છે. બે દિવસ પહેલાં એવું જ એક આધુનિક પતંગ ગીત સાંભળ્યું. રાગ મહેતાનો કંઠ અને આકાશ શાહનું સ્વરાંકન. રાગ મહેતા યુવા સંગીતકાર અને ગાયક છે. છેલ્લાં આઠ વર્ષથી સંગીત ક્ષેત્રે કાર્યરત છે. આજે ઉત્તરાયણ નિમિત્તે આ ગીત તો સાંભળવું જ પડે એવું સુંદર છે.

*આશાની પતંગ લઈને*
*અરમાનોની ફીરકી ઉપાડી*
*આસમાને ઊડવા ચલી સવારી*
*આખું ધાબું એ ગજાવે*
*આજુબાજુ સૌને સતાવે*
*ફીરકીથી ખુશીઓ ચગાવે*
*ઊડે ઊડે રે પતંગ*
*જાણે આકાશે જામ્યો છે મસ્તીનો જંગ*
*એની પતંગ કોઈ કાપી જો નાખે તો,*
*ગુસ્સામાં બીજો ચગાવે,*
*કિન્નાઓ બાંધીને, ફીરકીઓ પકડીને*
*જુસ્સો આ એનો વધારે,*
*ઢીલ ખેંચથી પેચ લડાઈ*
*સામેની જો પતંગ કપાઈ*
*ખુશીઓ આ બધા મનાવે*
*આખું ધાબું એ ગજાવે*
*ફીરકીથી ખુશીઓ ચગાવે*
*ઊડે ઊડે રે પતંગ...!*

ગીતકાર : ઉજ્જ્વલ દવે
સંગીતકારઃ આકાશ શાહ
ગાયક : રાગ મહેતા

ઉતરાણ એ એવો તહેવાર છે જે નાના-મોટા, આબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષ, ગરીબ-તવંગર, હિંદુ-મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી સૌ ઉત્સાહપૂર્વક ઊજવે છે. મકરસંક્રાંતિ તરીકે ઓળખાતા આ તહેવારની મજા તો ગુજરાતમાં જ.

ઉતરાણની આગલી રાતથી જ સુરત-વડોદરા-અમદાવાદ જેવાં શહેરોમાં આખી રાતનું પતંગ બજાર ભરાય. શોખીન લોકો તો આગલી રાત્રે જ ડઝનબંધ પતંગો કિન્ના બાંધીને ક્યારે સૂર્યોદય થાય ને ક્યારે મેદાનમાં કે ધાબે-છાપરે જઈને ચગાવીએ એની રાહમાં સરખું ઊંઘે પણ નહીં! ગૃહિણીઓ આગલે દિવસે તલ-સાંકળી કે તલના લાડુ બનાવી રાખે છે. સાથે બોર, જામફળ ને શેરડીની જ્યાફત તો ખરી જ! અમદાવાદીઓ ઊંધિયું-જલેબી કે ધનુર્માસની ખીચડી બનાવીને ઉતરાણ ઊજવે છે.

ઉતરાણના દિવસે વહેલી સવારથી જ પતંગના શોખીનો ઠંડીની પરવા કર્યા વિના હાથે ગરમ મોજાં સાથે ગરમ ટોપી ચડાવીને પતંગ યુદ્ધનો મંગલ પ્રારંભ કરી દે. આઠ-નવ વાગતાંમાં તો આખું આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય. પેચ માત્ર આકાશમાં જ લડાય એવું નહીં, ધાબા પર પહોંચેલાં યુવા હૈયાંના પેચ પણ લાગી જાય. આ બધાની સાથે સંગીત તો જોઈએ જ. એના વિના તો રંગ જામે નહીં. ગુજરાતી ફિલ્મોમાં પતંગની વાત આવે તો લોકોને જલસા પડે જ, પરંતુ હિન્દી ફિલ્મોમાંય પતંગ ગીતો ઊજવાય છે, જેમ કે,

*ઊડી ઊડી જાય, દિલ કી પતંગ દેખો ઊડી ઊડી જાય*

*કહેને કો તો ખેલ હૈ યે તેરા મેરા સાંઝા*
*પર મેરા દિલ હૈ પતંગ ઔર તેરી નઝર માંઝા*
*માંઝે સે લિપટી હૈ પતંગ જુડી જુડી જાએ...!*

કેટલાંક ગીતો સાથે વળી માનવ સ્વભાવ અને ચિંતન પણ રજૂ થાય, જેમ કે,

*ઢીલ દે ઢીલ દે દે રે ભૈયા ઉસ પતંગ કો ઢીલ દે*
*જૈસે હી મસ્તી મેં આયે ઉસ પતંગ કો ખીંચ દે..!*

રમેશ પારેખની આ ગુજરાતી કવિતા જુઓને;

*પતંગનો ઓચ્છવ*
*એ બીજું કંઈ નથી, પણ*
*મનુષ્યના ઉમળકાઓનો છે ઘૂઘવતો વૈભવ!*

ખરેખર, ગુજરાતીઓનો ઉમળકો ઉતરાણને દિવસે પતંગ જેટલો જ ઊંચે ચગે છે.

રઈશ મનીઆર લિખિત મેહુલ સુરતીએ સ્વરબદ્ધ કરેલું આ ગીત

*આજ ગગનમાં પતંગ ઊડે*
*મનમાં ઊમટે ઉમંગ*
*છલકાતી એક-એક અગાસી*
*ઉપર જામ્યો રંગ*
*ઊડે ઊડે રે પતંગ ગુજરાતનો...*

ગુજરાતીઓની શાન જેવું છે. સુરતનાં ધાબાંઓ પર અચૂક સાંભળવા મળે. ફિલ્મી ગીતોની ભરમાર વચ્ચે હવે નવાં ગુજરાતી ગીતો પણ પ્રજા સાંભળતી થઈ છે. તેથી અમદાવાદના યુવા કલાકાર રાગ મહેતાએ એક સરસ મજાનું પતંગ ગીત આ ઉતરાણે રિલીઝ કર્યું.

ડાયનેમિક કલાકારો રાગ મહેતા અને આકાશ શાહે મળીને છેલ્લાં થોડાંક વર્ષોમાં દસ ઓરિજિનલ ગુજરાતી ગીતો આપ્યાં છે. 'ઊડે ઊડે રે પતંગ...' ગીત વિશે રાગ મહેતા કહે છે, 'ઊડે રે પતંગ ગીત માટે અમે સૌ ઉત્તેજના અનુભવીએ છીએ. વિડિયોગ્રાફી, શબ્દ અને સૂરના સુંદર સંયોજનને લીધે આખું ગીત મજેદાર બન્યું છે.'

ઉજ્જ્વલ દવે લિખિત આ ગીત કમ્પોઝ અને ડિરેક્ટ કર્યું છે આકાશ શાહે. મૌલિકા પટેલ, રાગ મહેતા અને આકાશ શાહના અભિનય સાથેનો આ વિડિયો પણ રોમેન્ટિક અને મસ્તીસભર છે. ગીતની પંક્તિઓને અનુરૂપ ભાવ સાથે રજૂ થયેલું આ ગીત 'ઊડે રે પતંગ...' આ વખતે અમદાવાદનાં ધાબાંઓ પર સાંભળવા મળે તો નવાઈ નહીં.

ગીતનું હાર્દ ઉત્તરાયણ અને ધાબાંઓ પર પાંગરતી પ્રેમ કહાણી છે. રંગબેરંગી પતંગોની વચ્ચે બે દિલોની ધડકનની અભિવ્યક્તિ થઈ છે.

રાગ મહેતાએ આ પહેલાં 'નવ નવરાત', 'આવી નવરાત્રિ', 'લીલા લહેર', 'તરવરાટ' જેવાં ટ્રેક્સ આપ્યાં છે. આકાશ શાહનાં રક્ષાબંધન અને હોળી ગીત પણ લોકપ્રિય થયાં છે.

રાગ મહેતાએ માતા-પિતા ગાયત્રી-રિષભ મહેતા પાસેથી જ સંગીતના સંસ્કાર મેળવ્યા છે. ગાયત્રી-રિષભ મહેતા એ સુગમ સંગીતની અગ્રગણ્ય ગાયક બેલડી છે. રાગ મહેતાએ ગુરુ અનિકેત ખાંડેકર પાસે સંગીતની વિશેષ તાલીમ લીધી છે. રાગ કહે છે, 'પિતાએ હંમેશાં મને આગવી ઓળખ પ્રસ્થાપિત કરવાની સલાહ આપી હોવાથી હું પોતે જ મારું મ્યુઝિક બનાવું છું. ક્યારેક પપ્પાનાં લખેલાં ગીતો સ્વરબદ્ધ કરું છું. ગુજરાતી સુગમ સંગીત પણ મને ગમે છે, કારણ કે એમાં સુંદર કાવ્યતત્ત્વ સાથે કર્ણપ્રિય મેલડી હોય છે. ઉતરાણનું અમારું આ ગીત યુવાનોને પસંદ આવશે જ.'

આજે ઉતરાણના તહેવારે પતંગની મજા સાથે નવી અરેન્જમેન્ટ સાથેનું ગીત માણજો. હેપ્પી ઉત્તરાયણ.■

કેતકી જાની
feedback.ladki@
bombaysamachar.com

ઉલઝનની આરપાર

# કેવો ડ્રેસ પહેરું તો જાડી હોવા છતાં લગ્નમાં સરસ લાગું?



**સવાલઃ-** થોડા સમયમાં મારી મોટી બહેનના લગ્ન છે. તેના લગ્નમાં મારે ખૂબ સુંદર દેખાવું છે. પણ વધુ વજનને લીધે મને હંમેશાં થાય છે કે હું સારી નથી દેખાતી. એવો કોઈ આઈડિયા છે કે ડાયેટ ના કરીને પણ હું લગ્નમાં પાતળી અને સરસ લાગું?

**જવાબઃ-** બહેન, ડાયેટ ના કરવું હોય અને છતાં પાતળું દેખાવું મતલબ લોકોની નજરોને ભ્રમમાં નાખવી. એક ભ્રમ પેદા કરવો કે તમે લોકોની નજરમાં તમારી દૃષ્ટિએ ખરેખર જાડા હોવા છતાં પાતળા જ દેખાવ. આ માટે તમને કેટલાક આઈડિયા આપું છું તે અમલમાં ચોક્કસ મૂકી શકો. પરંતુ હું પર્સનલી માનું છું કે તમે જેવા પણ છો. જો તમને કોઈ મેડિકલ પ્રોબ્લેમ્સ ના હોય તો તમારે તમે સારા નથી દેખાતા, તેવો ડર/ ભ્રમ તમારામાંથી દૂર કરવાની જરૂર છે. ખેર, આ માટે તમારા મન સાથે વાત કરી તમે નક્કી કરજો કે તમે સુંદર છો, તમે તમને ગમો છો પછી લોકોને શું લાગે? તેનાથી શો ફેર પડે? ખેર, હવે તમારાં માટે કેટલીક ટિપ્સ જે તમે લગ્નમાં ધ્યાન રાખજો જેથી તમે પાતળાપણાનો ભ્રમ ઊભો કરવામાં સફળ થશો. - તમે જે કપડાં પસંદ કરો તમે મોટી ડિઝાઈન અને જરીભરત કામ ભરપૂર હોય તેવાં કપડાં નાપસંદ કરશો. નાની-નાની ડિઝાઈનવાળા જરીની અહીં-તહીં છાંટ હોય તેવા ખૂબ આકર્ષક ડ્રેસ (શરારા-ચણિયાચોળી - સાડી-ઈન્ડો વેસ્ટર્ન) પસંદ કરજો. ખાસ ધ્યાન રાખજો કે ડ્રેસ કોઈપણ હોય તેની બોર્ડર મોટી ના હોવી જોઈએ. નાની નાજુક બોર્ડર જોનારની આંખોના ઓછો ઘેરાવ વ્યક્ત કરવામાં સફળ થશે. - ડ્રેસનું (મટિરિયલ) કાપડ પણ હાથમાં લેતાં જ નીચે ફોલ/ પડી/ સરી જાય તેવું હોવું જોઈએ. - ડ્રેસની બાંય કોણી સુધીની અથવા આંખી બાંય હોય તે જરૂરી છે. - ડ્રેસનો કલર પસંદ કરવામાં પણ કાળજી લેજો. તમારા મનગમતા કે મલ્ટીકલરની પસંદગી તમારા માટે નથી જ, તમારે વાઈટ, પર્પલ, લીલો જેવા મનગમતા ઘાટા કલરનો ઓવર ઓલ સિંગલ કલર હોય. નવો ડ્રેસ લેવો. - ડ્રેસમાં જો ચુંદડી હોય તો તેનો છેડો આગળ તરફ ખૂબ લાંબો ના રાખવો. - આ ઉપરાંત તમારે જ્વેલરી જે તમે પહેરશો તે પણ સાવધાનીથી પસંદ કરવી જરૂરી છે. - તમે માંગટીકો પહેરવાના હોય તો તેનો આકાર ગોળ ના હોવો જોઈએ. તમારાં ઈયરિંગ્સ પણ ગોળ ના હોતાં લાંબા લટકતાં હશે. તમારાં કપડાં અને જ્વેલરી ઉપરાંત મેકઅપ પણ ધ્યાનથી પસંદ કરજો. વધુ પડતો થથેડા જેવો મેકઅપ લોકોનું ધ્યાન/ નજર વધુ સમય તમારા પર કેન્દ્રિત રાખશે. જે તમારા માટે યોગ્ય નથી. ખૂબ જ હળવો નયનરમ્ય મેકઅપ તમને ઉપર કહ્યા તે મુજબના ડ્રેસ/ જ્વેલરી સાથે ખૂબ જ સારું આઉટલુક આપશે જેની તમે ઈચ્છા રાખો છો. આ બધા ઉપરાંત મનમાં આત્મવિશ્વાસ રાખજો કે તમે ખરેખર ચોક્કસ વિચારીને જે રીતે તૈયાર થયાં છો તેનાથી તમે પાતળા લાગો જ છો. આ વિશ્વાસ તમને ખરેખર પ્રસંગ દરમિયાન પ્રફુલ્લિત રહેવામાં ખૂબ મદદ કરશે, અસ્તુ.

# બનારસી સાડીની ઘરે કાળજી રાખવા શું કરવું જોઈએ?



**સવાલઃ-** આજકાલ લગ્નસરા ચાલે છે અને જે તે પ્રસંગમાં બનારસી સાડીઓ પહેર્યા પછી ડ્રાયક્લિનિંગમાં આપવી પડે છે, જે આજકાલ ખૂબ જ મોંઘું થઈ ગયું છે. શું બનારસી સાડી ઘેર જ ધોઈ શકાય? તેની કાળજી ઘેર જાતે રાખવા માટે શું કરવું જોઈએ?

**જવાબઃ-** આજકાલ ખરેખર કોઈપણ કપડાંને ડ્રાયક્લિનિંગમાં આપતા પહેલાં વિચાર કરવો પડે તેટલી મોંઘવારી છે જ, પરંતુ હજારો રૂપિયાની બનારસી સાડી માટે વરસમાં એકાદ વાર આવો ખર્ચ કરવો પોષાય તેવું એટલા માટે કે જો ઘેર ધોવામાં કંઈક ઊંચનીચ થઈ જશે તો કાયમ માટે સાડી બગડી જશે. છતાં અહીં બનારસી સાડી ઘેર કેવી રીતે ધોવાય અને તેની કાળજી કેમ રાખવી. તેની વાત જરૂર જણાવીશ. - બનારસી સાડી કદી સૂર્યપ્રકાશ ડાયરેક્ટ તેની પર પડે તેવી જગ્યાએ ના મૂકવી/ સૂકવવી - કબાટમાં પણ તેને એકાદ કોટન કપડાંની થેલીમાં વીંટાળીને મૂકવી. વરસમાં એકાદવાર પણ ના વપરાઈ હોય તો એકવાર ખુલ્લી કરી ઘરમાં જ થોડાં કલાક પછી ઘડી ખોલી મૂકવી પછી પાછી મૂકી દેવી - ઘેર જાતે ધોવી હોય તો એક બાલદીમાં સાડી ડૂબે તેટલું પાણી લઈ તેમાં સાબુ/ ડિટરજન્ટ પાઉડરની જગ્યાએ વાળ ધોવાનું શેમ્પુ મિક્સ કરી તેમાં સાડી બોળવી અને હાથથી જ ફોલનો ભાગ હળવા હાથે મસળીને તરત જ ચોખ્ખા પાણીમાં બોળી છાંયડામાં સૂકવી દેવી.

સાડીને બ્રશ ન જ લગાડવું. સાડીને ધોવામાં ઠંડા પાણીનો જ વપરાશ કરવો જરૂરી છે. આ સાડીને ઈસ્ત્રી કરતાં તેની ઉપર પાતળું કોટન કપડું રાખીને જ ઈસ્ત્રી કરવી - છતાં પણ જો સાડીને કોઈપણ પ્રકારનો ડાઘ લાગ્યો હોય જે ઉપર કહી તે ધોવાની પ્રક્રિયાથી ના જાય તો ડ્રાયક્લિનિંગનો જ આગ્રહ રાખવો. અસ્તુ. ■

પ્રાસંગિક
સોનલ મહેતા-શેઠ
feedback.ladki@
bombaysamachar.com

# પતંગોત્સવમાં સ્પોર્ટ્સ પતંગ ઉડાવનાર પ્રથમ ભારતીય મહિલા



દરેક તહેવારને ભારે આનંદ અને ઉત્સાહથી ઊજવતા ગુજરાતીઓ આજે તો સવારથી જ તેમના ઘરના ધાબા પર કે બિલ્ડિંગની અગાસીમાં ચઢી ગયા હશે, કેમ કે આજે તો તેમનો માનીતો તહેવાર છે, મકરસંક્રાંતિ. આકાશ રંગબેરંગી પતંગોથી ઊભરાઇ જશે. ભાઇઓ પતંગ ચગાવશે અને બહેનો તેમની ફીરકી પકડીને, પતંગને ઢીલ આપવામાં અને ભાઇને પતંગ કાપવા પાનો ચઢાવશે. કાયપો છે...ના નારાથી અગાસી અને ધાબાં ઊભરાતાં હશે. વચ્ચે વચ્ચે તલ, મમરાના લાડવા, ચિક્કી પણ ખવાશે, ઘરમાં ઊંધિયાની પણ રંગત જામશે.

કેટલાં આનંદ, મસ્તી અને ધમાલથી ઉતરાણનો એટલે કે પતંગ ચગાવવાનો તહેવાર આપણે મનાવીએ છીએ! સામાન્યપણે ઘરનો પુરુષ વર્ગ જ પતંગ ચગાવે અને સ્ત્રી વર્ગ તેમની ફીરકી પકડે અને માંજાની ઢીલ આપે. જોકે, સાવ એવું નથી. આપણા રંગીલા ગુજરાતમાં તો બહેનો પણ પતંગ ચગાવી જાણે છે અને કાપી પણ જાણે છે અને દુનિયાને બતાવી આપે છે કે પતંગ ચગાવવી એ માત્ર પુરુષોનો જ ઇજારો નથી. વેલ, પતંગનો તહેવાર માત્ર ગુજરાત કે મહારાષ્ટ્ર સુધી સીમિત નથી. દેશભરના લોકો પતંગનો તહેવાર ઊજવે છે. ગુજરાતના અમદાવાદ ખાતે અને દેશમાં અનેક ઠેકાણે દર વર્ષે પતંગ મહોત્સવ પણ યોજાય છે, જેમાં દેશવિદેશના સ્પોર્ટ્સ કાઇટ ફ્લાયર્સ અને સ્ટંટ કાઇટ ફ્લાયર્સ અને ટીમો ભાગ લે છે. આવા મહોત્સવમાં ભાગ લેનારી વ્યક્તિને કુદરતી રીતે જ સૂર્યપ્રકાશમાં રહેવાથી વિટામિન ડી મળી જાય છે જે સ્વાસ્થ્ય માટે ઘણો જ જરૂરી ઘટક છે. એ દૃષ્ટિએ જોવા જઇએ તો આ તહેવાર આરોગ્યવર્ધક પણ ગણાય. ઉપરાંત આ પતંગ મહોત્સવમાં વાપરવામાં આવતો માંજો કોટનની દોરીઓનો બનેલો અને જાડો હોય છે, તેથી માંજાને કારણે પક્ષીઓનાં કે બાઇક પર સવાર વ્યક્તિઓનાં ગળાં કપાવાની ભીતિ પણ નથી. મહોત્સવમાં વિદેશના કાઇટ ફ્લાયર્સ અને તેમની ટીમમાં મહિલાઓ પણ જુદા જુદા રંગ અને આકારની મોટી મોટી પતંગ ઉડાવતી જોવા મળે છે, પણ કોઇ ભારતીય મહિલા પતંગ મહોત્સવમાં પતંગ ઉડાવતી જોવા નથી મળતી.

તો શું ભારતીય મહિલાઓ સ્પોર્ટ્સ કાઇટ ફ્લાયર્સ બનવાની ક્ષમતા નથી ધરાવતી?

ઉતરાણના દિવસે ધાબા પર ચઢીને પતંગ ચગાવતી અનેક મહિલા જોવા મળશે, પણ પતંગ મહોત્સવમાં ભારતીય મહિલાઓની હાજરી નહોતી. હા, બે વર્ષ પહેલાં કેરળની મહિલા મિની પી. એસ. નાયરે અમદાવાદના પતંગ મહોત્સવમાં ભાગ લઇને વિશાળકાય પતંગ ઉડાવી આ મહેણું ભાંગ્યું અને સ્પોર્ટ્સના પતંગ ઉડાવનારી પ્રથમ ભારતીય મહિલા બનવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત કર્યું અને જુદા જુદા આકારની વિશાળકાય પતંગો ઉડાવવા પર ભારતીય પુરુષોની મોનોપોલી પર બ્રેક લાગી. ચાલો આપણે મિની વિશે જાણીએ.



મિની એક વાર ગોવાના પતંગ મહોત્સવમાં આવી હતી, જેમાં રશિયાની ૭૦ વર્ષીય સહભાગીને મળી. સૌથી પહેલો સવાલ આ રશિયને મિનીને એ કર્યો કે અહીં ભારતીય મહિલાઓ પતંગ ઉડાવતી કેમ જોવા નથી મળતી? રશિયનના આ સવાલે મિનીને ઝંઝોડી નાખી. એને બાળપણના દિવસો યાદ આવી ગયા, કેરળમાં એના ઘર નજીકના ખેતરમાં સ્કૂલના ઉનાળાના વેકેશન દરમિયાન છોકરાઓ પતંગ ચગાવતા. મિની એના ભાઇ અને મિત્રો સાથે પતંગ ચગાવવા જતી. જોકે, એના ભાગે ક્યારેક થોડી વાર માટે ચગાવેલા પતંગની દોરી પકડવાનું કે ફીરકી પકડવાનું જ આવતું. પણ તોય મિની ખુશ હતી. બાળપણના મિત્રો સાથે જ મિની પતંગ બનાવવાનું શીખી. તેઓ આજુબાજુની ટેક્સટાઇલ શોપ્સમાંથી રંગબેરંગી કેલેન્ડર્સ ભેગાં કરતાં અને એમાંથી રંગીન પતંગ બનાવતાં. કાગળની પટ્ટીથી કે કેસેટની રીલથી પતંગની પૂંછડી બનાવતાં એમ મિની જણાવે છે.

આ હતી બાળપણની વાતો, પણ હવે મિની મોટી થઇ અને પતંગની બધી વાત વીસરાઇ ગઇ. એના ઘર નજીકનાં ખેતરોનું સ્થાન પણ બિલ્ડિંગોએ લઇ લીધું હતું. મિનીએ પોતાનો અભ્યાસ પૂરો કર્યો અને કોલેજમાં અંગ્રેજીનાં લેક્ચરર અને ત્યાર બાદ એક રેડિયો સ્ટેશનમાં રેડિયો જોકી અને પ્રોગ્રામિંગ હેડ બની, પણ પતંગ સાથેનો તેનો ફરી મેળાપ હજુ સુધી થયો ન હતો.

એક વાર કપ્પડ બીચ પર મિનીએ જ્યારે લોકોને પતંગ ચગાવતાં જોયા ત્યારે એ આશ્ચર્યચકિત થઇ ગઇ. અહીંના પતંગ કાગળના પતંગ નહોતા. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેનારાઓ વિવિધ કદ, રંગ અને આકારના પતંગ લઇને આવ્યા હતા. અમુક પતંગ તો પવનને પોતાનામાં ભરી ફુલાતા અને વિવિધ આકાર ધારણ કરતા. મનને મોહિત કરનારા રંગબેરંગી પતંગો જોઇને મિની અને તેના પુત્રને ઘણી ખુશી થઇ. મિનીની પતંગ સાથેની ઓળખ ફરીથી તાજી થઇ. એવામાં એક વાર તેના રેડિયો સ્ટેશનમાં કોઝિકોડેના (જુઓ પાનું ૬) ▸▸

વાનગી
પ્રિયંકા પટેલ
feedback.ladki@
bombaysamachar.com

# મકરસંક્રાંતિમાં માણો મીઠી મિજબાની

ભારત તહેવારોનો દેશ છે અને અહીં દરેક તહેવાર ધામધૂમથી મનાવવામાં આવે છે. મકરસંક્રાંતિ પણ ભારતનો એક મુખ્ય તહેવાર છે, જેને વિવિધ રાજ્યોમાં અલગ અલગ નામ અને રીતથી ઊજવવામાં આવે છે. મકરસંક્રાંતિના ખાસ અવસર પર તલના લાડુ તો બધા બનાવે છે, પણ આ વખતે તમારે અલગ વાનગી બનાવવી જોઇએ અને એટલે જ અમે તમારા માટે લઇને આવ્યા છીએ કેળાનું પોંગલ અને રવા-માવાના લાડુ.

## રવા-માવાના લાડુ

**સામગ્રીઃ** દોઢ કપ રવો, દોઢ કપ દળેલી સાકર, બે કપ ઘી, બે કપ માવો, અડધો કપ કાજુ કાપેલા, અડધી ટેબલ સ્પૂન એલચી પાઉડર



**રીતઃ** એક તવામાં ઘી ગરમ કરીને રવાને ધીમી આંચ પર શેકો. રવો શેકાઈ ગયા બાદ તેને એક થાળીમાં કાઢીને ઠંડો થવા માટે રાખી દો. આ જ તવામાં માવો નાખીને તેને ધીમા તાપે શેકો અને તેનો રંગ બદલાઈ ન જાય ત્યાં સુધી તેને શેકતા રહો. રવો અને માવો થોડો ઠંડો થઇ ગયા બાદ તેને એક મોટા બાઉલમાં નાખો અને તેમાં દળેલી સાકર, કાજુ અને એલચી પાઉડર મિક્સ કરીને લાડુ બનાવો. આ લાડુને એર ટાઇટ ડબામાં ભરી લો.

## કેળાનું પોંગલ

**સામગ્રીઃ** દોઢ કપ સમારેલાં કેળાં, પા કપ પીળી મગની દાળ, એક ટેબલ સ્પૂન ચણાની દાળ, એક કપ ચોખા (ધોઇને નિતારી લીધેલા), એક કપ દૂધ, બે કપ સમારેલો ગોળ, ૨ ટેબલ સ્પૂન ઘી, ત્રણ ટેબલ સ્પૂન સમારેલા કાજુ, બે ટેબલ સ્પૂન કિસમિસ, એક ટેબલ સ્પૂન એલચી પાઉડર, પા ટેબલ સ્પૂન જાયફળ પાઉડર, થોડા કેસરના રેસા (સજાવવા માટે)



**રીતઃ** એક પહોળા નોન સ્ટિક પૅનમાં બંને દાળને મધ્યમ તાપ પર પાંચ મિનિટ સુધી સૂકી શેકી લો. આ શેકેલી દાળ સાથે ચોખા, દૂધ અને અઢી કપ પાણી મેળવી, સરખી રીતે મિક્સ કરી પ્રેશર કૂકરમાં છ સીટી સુધી બાફી લો. બીજા એક ઊંડા નોન સ્ટિક પૅનમાં ગોળ અને પોણો કપ પાણી નાખી સારી રીતે મિક્સ કરી લીધા બાદ મધ્યમ તાપ પર સાત મિનિટ સુધી સતત હલાવતા રહી રાંધી લો. તે પછી રાંધેલા ચોખા-દાળનું મિશ્રણ મેળવી સારી રીતે મિક્સ કરી મધ્યમ તાપ પર સતત હલાવતા રહી વધુ ચાર મિનિટ સુધી રાંધી લીધા પછી તેને બાજુ પર રાખો. હવે વઘાર તૈયાર કરવા માટે એક નોન સ્ટિક પૅનમાં ઘી ગરમ કરી તેમાં કાજુ અને કિસમિસ ઉમેરી ધીમા તાપ પર બે મિનિટ સુધી સાંતળી લો. આમ તૈયાર કરેલા વઘારને ગોળ-ભાતના મિશ્રણમાં એલચી પાઉડર, જાયફળ પાઉડર અને કેસર સાથે ઉમેરી સારી રીતે મિક્સ કરી મધ્યમ તાપ પર એક મિનિટ સુધી વચ્ચે વચ્ચે હલાવતા રહી રાંધી લો. છેલ્લે તેમાં કેળાં ઉમેરી સારી રીતે મિક્સ કરી તેના પર પીગળેલું ઘી રેડી તરત જ ગરમ ગરમ પીરસો. ■